હદીસ બોધ

મા સાથે અત્યંત પ્રેમપૂર્વક વર્તવું જોઈએ. - હદીસ બોધ

બોધ વચન

બધી કલાઓ કશાકને અસ્તિત્વમાં લાવવામાં સમાયેલી છે. -એરિસ્ટોટલ

આજની આસ્થી

૧૬ નવેમ્બર શનિવાર ૨૦૨૪
૧૩ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬
કારતક વદ એકમ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૩૧
ખ્તમે ઝવાલ ૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૬-૫૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૫

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની હિલચુકીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ

હૈરત હૈ કે તાલીમ-ઓ-તરક્કી મેં હૈ પીછે
જિસ કૌમકા આગાઝ હી ઈકરા સે હુઆ થા

મુસલમાનો શૈક્ષણિક રીતે પછાત છે. વર્તમાન યુગ સાથે કદમ મિલાવી શકે તેવું શિક્ષણ તેમની પાસે નથી. આ સ્થિતિથી વ્યથિત થઈ અલ્લામાને આશ્ચર્ય થાય છે કે જે કોમની 'શરૂઆત જ શિક્ષણથી (ઈકરા) થઈ' હતી તેની આજે શિક્ષણમાં જે બદતર હાલત છે. -(ભાવાનુવાદ કર્તા અબ્દાલ્હુસૈન સૈયદ)

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

MP : વિજયપુરમાં મતદાન બાદ હંગામો, દલિતોના ઘર સળગાવ્યા, બાબા સાહેબની પ્રતિમા તોડી; ભાજપના લોકો પર આરોપ

દલિત બસ્તીમાં આગ : વિજયપુરની દલિત વસાહતમાં બદમાશોએ આગ લગાવી દીધી હતી તેમજ વીજળીના થાંભલાઓ ઉખાડી ફેંક્યા હતા, આ માટે ગ્રામજનોએ ભાજપના લોકો પર આરોપ લગાવ્યો હતો

શ્યોપુર, તા.૧૫

મધ્યપ્રદેશના વિજયપુરમાં મતદાન બાદ ભારે હંગામો થયો હતો. લોકોએ કથિત રીતે દલિત કોલોનીમાં મતદાન ન કરવા માટે ઘરો સળગાવી દીધા છે. તેમજ ભારે પથ્થરમારો પણ થયો છે. આરોપ છે કે હંગામો મચાવી રહેલા લોકોએ બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમા તોડી નાખી છે. ગ્રામજનોનો આરોપ છે કે આ બધું ભાજપ સાથે જોડાયેલા લોકોએ કર્યું છે.

આગ લગાવીને તોડફોડ શરૂ કરી હતી

જણાવવામાં આવી રહ્યું છે કે, ગોહટા ગામની દલિત કોલોનીમાં બદમાશોએ પોતાનું વર્ચસ્વ દર્શાવ્યું હતું. આ લોકોએ અનેક ઘરોમાં તોફાનો કરી હતી તેમજ ઝૂંપડામાં આગ લગાડી દીધી હતી. આ સાથે વીજળીના થાંભલા પણ તોડી નાખ્યા હતા. આરોપ છે કે બદમાશોએ ટ્રેક્ટર વડે વીજળીના થાંભલા ઉખેડી નાખ્યા હતા. ઘટનાને પગલે ગામમાં ભયનો માહોલ છે. જો કે હજુ સુધી પોલીસમાં કોઈ ફરિયાદ થઈ નથી.

વિજયપુરમાં ભારે હોબાળો

વિજયપુરમાં પણ મતદાન દરમિયાન ભારે હોબાળો થયો હતો. આ દરમિયાન લોકોએ પ્રિસાઈડિંગ ઓફિસરને પણ માર માર્યો હતો. વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે બંને ઉમેદવારોને નજરકેદ પણ કર્યા હતા. ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખો પણ વિજયપુર પહોંચ્યા હતા પરંતુ પ્રશાસને બંનેને બહાર જ અટકાવ્યા હતા.

વિસ્તારમાં તણાવ

દરમિયાન આગચંપી અને પથ્થરમારાની ઘટના બાદ વિસ્તારમાં તણાવનો માહોલ છે. આગના કારણે ગ્રામજનોને લાખોનું નુકસાન થયું છે. જણાવવામાં આવી રહ્યું છે કે આગની ઘટના બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા છે. જો કે મીડિયામાં સમાચાર આવ્યા બાદ પોલીસની ટીમો આસપાસ જોવા મળી રહી છે.

એક ડઝનથી વધુ લોકો ગામમાં પ્રવેશ્યા

ગ્રામજનોનો આરોપ છે કે એક ડઝનથી વધુ લોકો ગામમાં ઘૂસી ગયા અને લોકોને માર મારવા લાગ્યા. આ ઘટના દરમિયાન ગામમાં સ્થાપિત ભીમરાવ આંબેડકરની પ્રતિમા સાથે પણ છેડછાડ કરવામાં આવી હતી અનેતોડવામાંઆવીહતી.

ભાજપને વોટ ન આપવા પર હોબાળો

સાથે જ ગ્રામજનોનો આક્ષેપ છે કે અમે ભાજપને મત ન આપ્યો હોવાથી આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. આ સાથે પોલીસ પ્રશાસન આ ઘટનાને સંપૂર્ણપણે નકારી રહ્યું છે, જ્યારે વાયરલ વીડિયોમાં પોલીસના વાહનો સ્થળ પર સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. આમ છતાં કોઈ અધિકારી આ બાબતે બોલવા તૈયાર નથી.

નોંધનીય છે કે વિજયપુર પેટાચૂંટણીમાં રામનિવાસ રાવત ભાજપના ઉમેદવાર હતા. તેઓ હાલમાં એમપીના વન મંત્રી છે. રામનિવાસ રાવત કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. આ પછી ત્યાં પેટાચૂંટણી યોજાઈ રહી હતી. ભાજપ અને કોંગ્રેસે પેટાચૂંટણી જીતવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. કોંગ્રેસે કહ્યું છે કે ભાજપે ત્યાં બુથ કેપ્ચરિંગ કર્યું છે.

પેટાચૂંટણી બાદ એમપીમાં હિંસા ફાટી નીકળતાં દલિત ગામ આગને હવાલે

ટોચના નેતાઓએ ભોપાલમાં ECI ઓફિસની બહાર ધરણા કર્યા

ભોપાલ, તા.૧૫

રાજ્યની વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન પૂર્ણ થયા બાદ વિજયપુરના ગોહટામાં એક દલિત ગામમાં આગ લગાવી દેવામાં આવી હતી. આ ઘટનાએ ગુનેગારો સામે પોલીસ દ્વારા નિષ્ક્રિયતા દાખવી હોવાના આક્ષેપો થયા છે. અહેવાલો અનુસાર બદમાશોએ ગામમાં અશાંતિ ફેલાવી, પથ્થરમારો અને તોડફોડનો આશરો લીધો. ડરના માર્યા ગ્રામજનોએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો આશરો લીધો હતો. વિજયપુર પોલીસ સ્ટેશનના પ્રભારી પપ્પુ સિંહ યાદવે પુષ્ટિ કરી કે, પોલીસ ટીમોએ પરિસ્થિતિને કાબૂમાં લેવા દરમિયાનગીરી કરી, હિંસા બે જૂથો વચ્ચેના સંઘર્ષને કારણે સર્જાઈ હતી.

આ ઘટના વિજયપુર પેટાચૂંટણીની આસપાસ હિંસક ઘટનાઓની શ્રેણીને અનુસરે છે. બુધવારે વીરપુર વિસ્તારમાં જૂથો વચ્ચે અથડામણમાં મતદાન થયું હતું, જેના પરિણામે બે થી ત્રણ વ્યક્તિઓને ઈજા થઈ હતી. બૂથ કેપ્ચરિંગના આક્ષેપો પણ થયા હતા. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય રામનિવાસ રાવતના રાજીનામાથી જરૂરી પેટાચૂંટણી, જેઓ પાછળથી સત્તાધારી ભાજપમાં જોડાયા હતા અને મુખ્ય પ્રધાન મોહન યાદવની કેબિનેટમાં રાજ્યના વન પ્રધાન તરીકે પદોન્નત થયા હતા, માં ચૂંટણી કમિશનરના જણાવ્યા અનુસાર ૭૫ ટકા મતદાન થયું હતું. રાવત કે જે હવે ભાજપના ઉમેદવાર છે તેમની અને કોંગ્રેસના ઉમેદવાર મુકેશ મલ્હોત્રા વચ્ચેની સ્પર્ધા તણાવપૂર્ણ હતી. તંગ વાતાવરણને કારણે બંને ઉમેદવારો સુરક્ષા ખાતર ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિવિધ સ્થળોએ ભાજપ અને કોંગ્રેસના સમર્થકો વચ્ચે ઘર્ષણ ફાટી નીકળ્યું હતું, જે બંને પક્ષોના ટોચના નેતાઓના વિરોધમાં પરિણમ્યું હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જીતુ પટવારી અને વી.ડી. શર્મા કે જેઓ ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે તેમણે ભોપાલમાં ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા (ECI)ની ઓફિસ પાસે ધરણા કર્યા, નકલી વોટિંગ અને બૂથ કેપ્ચરિંગના આરોપો લગાવ્યા.

ઉત્તરપ્રદેશના ખટોલીમાં દલિતના અંતિમ સંસ્કારમાં અવરોધ ઊભો કરવા બદલ ગામના સરપંચ સહિત ચાર સામે ગુનો દાખલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ઉત્તરપ્રદેશના ખટોલીમાં પોલીસે દલિત વ્યક્તિની અંતિમયાત્રામાં કથિત રૂપે વિક્ષેપ પાડવા અને જાતિવાદી અપશબ્દો બોલવા બદલ ગામના વડા સહિત ચાર વ્યક્તિઓ સામે કેસ દાખલ કર્યો છે. બાબુરામ નામના દલિત વ્યક્તિના મૃત્યુ બાદ ૯મી નવેમ્બરે ભૈંસી ગામમાં આ ઘટના બની હતી. સોનિયા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ ગામના વડા અમિત અહલાવતની આગેવાની હેઠળના જૂથે ગામના સ્મશાનગૃહમાં અંતિમયાત્રામાં

અવરોધ ઊભો કર્યો હતો. સર્કલ અધિકારી રામશિખ યાદવે જણાવ્યું હતું "ફરિયાદ મુજબ જ્યારે મૃતદેહને ગામના સ્મશાનગૃહમાં લઈ જવામાં આવી રહ્યા હતો, ત્યારે ગામના વડા અમિત અહલાવતની આગેવાની હેઠળના એક જૂથે દલિત સમુદાય વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરીને અંતિમ સંસ્કારમાં અવરોધ ઊભો કર્યો હતો." અગ્નિસંસ્કાર તે જ દિવસે આગળ વધી શકે તેની ખાતરી કરવા માટે પોલીસ હસ્તક્ષેપ જરૂરી હતો. જાતિ આધારિત ભેદભાવ અને અત્યાચારને સંબોધતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની સંબંધિત કલમો હેઠળ આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

સિરીઝનું નામ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી કેમ રખાયું કારણ કે

તે સમયે બોર્ડર-ગાવસ્કરના જ ટેસ્ટ ક્રિકેટમાં ૧૦ હજારથી વધારે રન હતા

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે પહોંચી ચૂકી છે. બંને ટીમો વચ્ચે ૨૨ નવેમ્બરથી પાંચ મેચોની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ પર્થ સ્ટેડિયમમાં રમાશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી ટેસ્ટ સિરીઝ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીના નામથી ઓળખાય છે. ૬ ડિસેમ્બરથી એડિલેડમાં બીજી, ૧૪ ડિસેમ્બરથી બ્રિસ્બેનમાં ત્રીજી, ૨૬ ડિસેમ્બરથી મેલબોર્નમાં ચોથી અને ૩ જાન્યુઆરીથી સિડનીમાં સિરીઝની પાંચમી ટેસ્ટ રમાશે. આ સિરીઝના ઈતિહાસ પર એક નજર કરીએ.

• ૧૯૯૬માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની શરૂઆત થઈ હતી :-

આમ તો ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૧૯૪૭થી ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે. બંને ટીમો વચ્ચે ૧૯૯૬ સુધી ૫૦ ટેસ્ટ મેચ રમાઈ હતી પછી ૧૯૯૬માં આનું નામ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી કરી દેવાયું. સિરીઝનું નામ ભારતીય ક્રિકેટના દિગ્ગજ સુનિલ ગાવસ્કર અને ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન એલેન બોર્ડરના સન્માનમાં રાખવામાં આવ્યું છે. તે સમયે ટેસ્ટ ક્રિકેટમાં આ જ બેટ્સમેનોના નામે ૧૦ હજારથી વધારે રન હતા. ૧૯૯૬-૯૭માં પ્રથમ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી મેચ બંને દેશો વચ્ચે રમાઈ હતી.

• ૧૬માંથી ૧૦ વખત ભારતીય ટીમ વિજેતા રહી :-

અત્યાર સુધી બંને ટીમો વચ્ચે ૧૬ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી રમાઈ ચૂકી છે. આમાં ભારતે ૧૦ સિરીઝ પોતાના નામે કરી છે જેમાંથી બે જીત ઓસ્ટ્રેલિયામાં મેળવી છે. જ્યારે ઓસ્ટ્રેલિયાએ પાંચમાં જીત મેળવી છે. ૨૦૦૩-૦૪માં રમાયેલી સિરીઝ ૧-૧થી બરાબર રહી હતી. ઓસ્ટ્રેલિયાએ ભારતમાં એકવાર ટ્રોફી જીતી છે. ૨૦૧૪-૧૫માં છેલ્લીવાર ઓસ્ટ્રેલિયાએ આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી હતી. ત્યારબાદ રમાયેલી ચાર સિરીઝમાં ભારત વિજેતા રહ્યું છે.

• પહેલીવાર સિરીઝમાં રમાશે પાંચ ટેસ્ટ :-

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી મુખ્યરૂપે ચાર મેચની હોય છે. પહેલીવાર ચાર સિરીઝ પાંચ મેચોની રમાશે. છેલ્લીવાર ૧૯૯૧-૯૨માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટેસ્ટ સિરીઝ રમાઈ હતી. તેને પોતાના ઘરમાં ઓસ્ટ્રેલિયાએ ૪-૦થી જીતી હતી. ૧૯૭૯-૮૦માં એકમાત્ર વખત બંને ટીમો વચ્ચે પાંચ મેચોની સિરીઝ રમાઈ હતી. ભારતે તે સિરીઝને ૨-૦થી પોતાના નામે કરી હતી. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી શરૂ થતાં પહેલા આ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ભારતની એકમાત્ર ટેસ્ટ સિરીઝ જીત હતી.

MP : વિજયપુરમાં મતદાન બાદ હંગામો, દલિતોના ઘર સળગાવ્યા, બાબા સાહેબની પ્રતિમા તોડી; ભાજપના લોકો પર આરોપ

દલિત બસ્તીમાં આગ : વિજયપુરની દલિત વસાહતમાં બદમાશોએ આગ લગાવી દીધી હતી તેમજ વીજળીના થાંભલાઓ ઉખાડી ફેંક્યા હતા, આ માટે ગ્રામજનોએ ભાજપના લોકો પર આરોપ લગાવ્યો હતો

હરિયાણાના ઝડપી બોલર અંશુલ કંબોજે કેરળ સામે પ્રથમ ઈનિંગમાં ૧૦ વિકેટ ઝડપી

રણજી ટ્રોફીમાં છેલ્લા બે દિવસોમાં એક બાદ એક ખતરનાક રેકોર્ડ બની રહ્યા છે, જ્યાં ૧૪ નવેમ્બરે બેટ્સમેનોએ ધમાલ મચાવી તો ૧૫ નવેમ્બરે અંશુલે પરફેક્ટ ૧૦ વિકેટ લઈ બોલિંગમાં કમાલ કરી દીધો

નવી દિલ્હી, તા.૧૫

મુંબઈ ઈન્ડિયન્સ માટે આઈપીએલમાં રમી ચૂકેલા હરિયાણાના ઝડપી બોલર અંશુલ કંબોજે રણજી ટ્રોફીમાં ગજબનો રેકોર્ડ બનાવી દીધો છે. તેણે એક ઈનિંગમાં બધી ૧૦ વિકેટ ઝડપી વિરોધી ટીમ કેરળની હાલત ખરાબ કરી દીધી. તે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં આવું કરનાર ભારતનો છઠ્ઠો બોલર બની ગયો છે. તેના પહેલા પ્રેમાંગશુ ચેટરજી, દેવાશીષ મોહંતી, પ્રદીપ સુંદરમ, અનિલ કુમ્બલે,

સુભાષ ગુપ્તેએ આ સિદ્ધિ મેળવી હતી. અનિલ કુમ્બલેએ પાકિસ્તાન વિરુદ્ધ ટેસ્ટમાં બધી ૧૦ વિકેટ ઝડપી હતી. હરિયાણાના રોહતકમાં સી.એચ. બંસીલાલ ક્રિકેટ સ્ટેડિયમમાં કેરળ વિરુદ્ધ અંશુલે કમાલની બોલિંગ કરી તેણે પ્રથમ વિકેટ બાબા અપરાજિતના રૂપમાં ઝડપી. ત્યારબાદ અંશુલે નિરંતર અંતરાલ પર વિકેટ ઝડપી. તેણે પાંચ બેટ્સમેનોને ડબલ ફિગરનો આંકડો પાર કરવા દીધો નહીં. જ્યારે કેરળ માટે સૌથી વધારે અક્ષય ચંદ્રને ૫૯ અને અઝહરૂદીને ૫૩ અને કપ્તાન સચિન બેબીએ ૫૨ રનની ઈનિંગ રમી. જો કે, અંશુલની ઘાતક બોલિંગ છતાં કેરળની ટીમ ૧૧૬.૧ ઓવરોમાં ૨૯૧ રન બનાવવામાં સફળ રહી. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈપીએલમાં ગત સિઝનમાં અંશુલ મુંબઈ ઈન્ડિયન્સનો હિસ્સો હતો. તેણે ફ્રેન્ચાઈઝી માટે ત્રણ મેચ રમી હતી જ્યારે બે વિકેટ લેવામાં સફળ થયો હતો. આઈપીએલ ૨૦૨૫ પહેલા મેગા ઓક્શન થવાનું છે અને ફ્રેન્ચાઈઝીએ તેને રિલીઝ કરી દીધો છે. હવે જોવાની વાત એ છે કે, શું આ પ્રદર્શન બાદ મુંબઈ એકવાર ફરી તેના પર દાવ લગાવશે કે નહીં.

પાક. બોર્ડની જાહેરાતના એક દિવસ બાદ ICCએ POKમાં ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રવાસ રદ કર્યો

નવી દિલ્હી, તા.૧૫ :ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં આયોજિત થશે કે નહીં હાલ આ વાત પર વિવાદ છે. જ્યારે બીજી બાજુ પાકિસ્તાને પૂરા દેશમાં ટ્રોફી ફેરવવાની જાહેરાત કરી છે. આના પર હવે આઈસીસીએ એકશન લેતાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે પીઓકેના ત્રણ શહેરોમાં ટ્રોફી લઈ જવાનો ઈન્કાર કરી દીધો છે. ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ સતત વધી રહ્યો છે. BCCIના ઈનકાર બાદ પાકિસ્તાની ક્રિકેટરો ગુસ્સે છે અને સતત નિવેદનો આપી રહ્યા છે. હવે આ વિવાદમાં દિગ્ગજ ક્રિકેટર શાહિદ આફ્રિદી પણ કૂદી પડ્યો છે. શાહિદ આફ્રિદીએ કહ્યું હતું કે 'ક્રિકેટની રમત નિષ્પક્ષ મોચ્ચે ઉભી છે અને કદાચ ૧૯૭૦ પછી સૌથી મોટા પડકારનો સામનો કરી રહી છે. આ સમય છે કે આપણે આપણા મતભેદો ભૂલી જઈએ અને રમતગમત માટે એક થઈએ. જો આપણે આપણા વિભાજનને ભુલીને ઓલિમ્પિક માટે ભેગા થઈ શકીએ છીએ, તો પછી આપણે ક્રિકેટ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટે કેમ ન કરી શકીએ.' આફ્રિદીએ આગળ ભારત પર નિશાન સાધ્યું અને કહ્યું, 'ક્રિકેટીંગ નેશન તરીકે, આપણી જવાબદારી છે કે આપણે આપણા વિચારોને કાબુમાં રાખીએ અને ક્રિકેટના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ.' લગભગ ૨૮ વર્ષ બાદ પાકિસ્તાન ICC ટૂર્નામેન્ટનું આયોજન કરવા જઈ રહ્યું છે. આ માટે તેણે ઘણો ખર્ચ પણ કર્યો છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનને આશા હતી કે તે ટૂર્નામેન્ટમાંથી ઘણી કમાણી કરશે. પરંતુ ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન ન મોકલવાના BCCIના નિર્ણયને કારણે હવે તેને મોટું નુકસાન વેઠવું પડી શકે છે. હવે તેની પાસે માત્ર એક જ વિકલ્પ બચ્યા છે. કાં તો તે હાઈબ્રિડ મોડલની માંગ સ્વીકારે, નહીં તો ચેમ્પિયન્સ ટ્રોફી બીજા દેશમાં શિફ્ટ કરી દેવામાં આવશે.

ટિમ સાઉથી આગામી મહિને ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેશે

નવી દિલ્હી, તા.૧૫ : ન્યુઝીલેન્ડના ઘાતક ઝડપી બોલર ટિમ સાઉથીએ શુક્રવારે ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરશે. ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝ ૨૮ નવેમ્બરે શરૂ થશે. લેમિંગ્ટનમાં ઘરેલુ મેદાન પર ત્રીજી ટેસ્ટ (૧૪ ડિસેમ્બરથી) તેની અંતિમ હશે. તેણે માર્ચ ૨૦૦૮માં ઈંગ્લેન્ડ સામે જ ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. તેણે અત્યાર સુધી સૌથી વાંણા ફોર્મેટમાં ૧૦૪ મેચ રમી છે અને ૩૮૫થી વધુ વિકેટ ઝડપી છે. સાઉથી ન્યુઝીલેન્ડ માટે સૌથી વધારે વિકેટ લેનારા બોલરોની યાદીમાં બીજા સ્થાને છે. તેની આગળ રિચર્ડ હેડલી (૪૩૧) છે. તેણે ન્યુઝીલેન્ડ માટે ૧૬૧ વન-ડે અને ૧૨૬ ટી-૨૦ મેચ રમી છે. જેમાં ક્રમશઃ ૨૨૧ અને ૧૬૪ વિકેટ ઝડપી છે. સાઉથીના નામે એક જબરદસ્ત વર્લ્ડ રેકોર્ડ છે, જે આસાનીથી તૂટવાનો નથી. વાસ્તવમાં સાઉથી ૩૦૦થી વધારે ટેસ્ટ, ૨૦૦થી વધારે વન-ડે અને ૧૦૦ વધારે ટી-૨૦ ઈન્ટરનેશનલ વિકેટ લેનાર દુનિયાનો એકમાત્ર ક્રિકેટર છે. પેસર હાલમાં જ ભારતમાં ઐતિહાસિક ટેસ્ટ સિરીઝ જીતનારી કિવી ટીમનો હિસ્સો હતો. તેણે એક નિવેદનમાં કહ્યું કે, મેં બાળપણથી હંમેશા ન્યુઝીલેન્ડ માટે રમવાનું સ્વપ્ન જોયું હતું. તેણે કહ્યું કે, ૧૮ વર્ષ સુધી ન્યુઝીલેન્ડ માટે રમવું ગર્વની વાત છે પણ હવે આગળ વધવાનો સમય છે. આ શાનદાર સફર રહી.

હરાજી વેચાણ નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
CIN: U67100MH2007PLC174759
રજિ. કાર્યાલય : એડલવાઈસ હાઉસ, ફોર્બ્સ માર્ગ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઈ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૧(૬)ની જોગવાઈ સાથે વાંચો

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓનો** નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "લોનસ" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની સમકનામો **વિવિધ દ્વારકોમાં** ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. વે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની સમકનામ, SARFAESI એકટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

૩૦ દિવસની સૂચના આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંધણી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે,જેનો ભૌતિક કબજો સિક્યોરિટાઈઝેશન અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે દરકમની વસૂલાત માટે **"એમ છે ત્યાં", "એમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. ઉપર લેનાર અને બાંધણી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોલોમા નાણા માટે વધુ વ્યાજ અને તેના પરના બન્ય ખર્ચાઓ/ખર્ચા સાથે EARCને લીધે નીચે દિલ્યેમ કર્યા છે. દરેક વિભાગ માટે અનામત કિંમત અને અનંતર મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :

લોન નોટ. નં./વિભાગની સંસ્થા	દેણદાર અને સહ-દેણદારોના નામ	દૂરસ્થનું નામ	ઉંચેનું નામ અને સામા. સોટ.નં. અને IFSC કોડ	અનામત રકમ (ભા.રૂ.)	ઈએમડી (ભા.રૂ.)	બોલીની વધારેમાં વધારે રકમ	બોલીનો મફત
LGDNSTH 00000 72002 ઈન્ફ્રાસ્ટ્રક્ચર	રાજેશ પી. લાખાણી (દેણદાર) સુરેખા લેમુભાઈ લાખાણી (સહ-દેણદાર)	ગોલેમાણી ઈન્ફ્રા. પ્રા. લિ. - ૩૩૬	આઈસીઆઈસીઆઈ બેંક લિ., નરીમન પોઈન્ટ; ૦૦૦૦૦૦૧૨૧૦૦૦; આઈસીઆઈસી ૦૦૦૦૦૦૪	રૂ. ૨૫,૩૩,૧૬૦.૪૮/-	રૂ. ૫,૦૦,૦૦૦/- (૬૬ત રૂ. પાંચ લાખ એકી ઈજાર)	રૂ. ૫,૦૦,૦૦/- (૬૬ત રૂ. પાંચ હજાર માત્ર)	૧૦-૧૧-૧૩ કલાક સવારે ૧૧:૦૦ વાગે	ઓનિતિ

નિકલતાનું વર્ણન : તે તમામ ભાગ અને હિસ્સાનો કબ્જો ન.બી.૮૦૧, બીજો માળ, વેભવ (દેવગામ) બોનસ એસોસિએશન લિમિટ અને સર્વે નં.૧૧૮/૧, લાખ પોઈન્ટ-૨.૨, સિટી સર્વે નં.૫૬૭૬ પૈકી ૧ ટેકામાં, તા. ચોપેનગર, જિ. અને તાલુ જિ. ચોપેનગર (ભિવંડીના કેટલા ગામના ૨૨ થી.મી.) તેના ઉપર અને **નીચે મુજબ ચૂંટ :** પૂર્વ : કબ્જો નં.બી-૨૦૧, પશ્ચિમ : સી-બ્લોક, ઉત્તર : રોડ, દક્ષિણ : કબ્જો નં.બી-૨૦૨

હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્વપૂર્ણ માહિતી :

1. બધા ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) ઉપર જણાવ્યા મુજબ ટ્રસ્ટના નામની તરફેણમાં અને મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહશે.
2. EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ હરાજીની તારીખના ૧ દિવસ પહેલા બ્રાન્ચ
3. ભિડ્સ સબમિશન માટેનું સ્થળ પહેલા માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮
4. હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) ઈ-હરાજી (https://auction.edelweissarc.in)
5. સંપર્ક વિગતો કોનન. સાથે ૭૨૦૦ ૬૬૦ ૬૬૦૦
6. વિલંબતના નિર્ણયોની તારીખ અને સમય અગાઉની સોપોર્ટનેન્ટ મુજબ

વેચાણના વિગતવાર નિયમો અને કરારો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખ : ૧૬-૧૧-૨૦૨૪ (અધિકૃત અધિકારી)
સ્થળ : મુંબઈ પતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction

ભંડેરી ઇન્ફ્રાકોન લિમિટેડ

(CIN No. L45201GJ2004PLC044481)
રજિ.ઓફિસ : બી/૧૨, જ્યુડો કોમ્પલેક્સ, બજરંગ આશ્રમ પાસે, વિકાસ શાળાની નીચે, NH.૮, કલરવાળાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા અડધા વર્ષના અંતના અનઓડિટેડ સંકલિત નાણાકીય પરિણામોનો તારવણી

ભાગ-૧ (રૂ. લાખમાં)

ક્રમાંક	વિગતો	અર્ધ વાર્ષિક અંત			વાર્ષિક અંત
		અનઓડિટેડ	ઓડિટેડ	અનઓડિટેડ	ઓડિટેડ
		30.09.2024	31.03.2021	30.09.2023	31.03.2024
1	ઓપરેશનથી કુલ આવક	128.14	313.08	140.28	453.36
2	અન્ય આવક	14.51	-	-	-
3	સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (કર પહેલાં, અપવાદરૂપ વસ્તુઓ અને અન્યઆવક અલાઘવતા વસ્તુઓ)	57